
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





દમણમાં નમો એરપોર્ટ-નમો હોસ્પિટલનું મોદીના હસ્તે લોકાર્પણ

## કટોકટીમાં પણ ભારતનો આર્થિક વૃદ્ધિદર 7.7 ટકા નોંધાયો: મોદી

**છેલ્લા** ક્વાર્ટરમાં પણ દેશનો વિકાસદર 7.8 રહ્યો, જે દેશ માટે ગૌરવ લેવા જેવી વાત

દમણ: દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દમણની મુલાકાત દરમિયાન વિકાસને નવી ગતિ આપતા નમો એરપોર્ટ અને મરવડ ખાતે નિર્માણ પામેલી નમો હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. આ અવસરે આયોજિત જનસભામાં વડાપ્રધાને આશરે રૂ. 3,850 કરોડના ખર્ચે પૂર્ણ થયેલા અને હાથ ધરાનારા 60 જેટલા વિકાસલક્ષી પ્રોજેક્ટોના ઉદ્ઘાટન તથા શિલાન્યાસ કરીને પ્રદેશના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. મોદીએ દમણમાં જાહેરસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વિશ્વ જ્યારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારતે પોતાને માત્ર સંભાળ્યું જ નથી પણ આવા સમયમાં પણ તેજ ગતિથી આર્થિક રીતે આગળ વદી રહ્યું છે. ભારતના 140 કરોડ દેશવાસીઓના સામુહિક પ્રયાસોથી ભારતનો આર્થિક વૃદ્ધિદર 7.7 ટકા નોંધાયો છે. જે સમગ્ર દેશ માટે ગૌરવ લેવા જેવી વાત છે.

વૈશ્વિક આર્થિક મંદી વચ્ચે ભારતની મજબૂત સ્થિતિનો

...અનુસંધાન પાના 9 પર

### દમણ મિનિ ઇન્ડિયાનું જીવંત ઉદાહરણ, વિકાસથી બદલાઈ રહ્યું છે દાનહ-દમણ-દીવ

વડાપ્રધાને જનસભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા નાગરિકોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે લોકોનો આ આશીર્વાદ વિકાસયાત્રાને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે લક્ષદ્વીપના નાગરિકો પણ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે કાર્યક્રમ સાથે જોડાયા હતા. વડાપ્રધાને જણાવ્યું કે લક્ષદ્વીપમાં શરૂ કરાયેલા નવા વિકાસ પ્રકલ્પો અને યોજનાઓ ટાપુઓના સર્વાંગી વિકાસ માટે ક્રાંતિકારી સાબિત થશે. તેમણે જણાવ્યું કે દાનહ, દમણ અને દીવ વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છે અને આજે નવી પેઢી પોતાની આંખો સામે તે સપનાઓને સાકાર થતાં જોઈ રહી છે, જે અગાઉની પેઢીઓએ દાયકાઓ પહેલાં જોયા હતા. વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સ આજે સામાન્ય નાગરિકોના જીવનને વધુ સરળ બનાવી રહ્યા છે તેમજ રોજગારી અને નવા અવસરોનું સર્જન કરી રહ્યા છે.વડાપ્રધાને પ્રદેશના પ્રશાસક અને તેમની સમગ્ર ટીમના કાર્યની પ્રશંસા કરતા જણાવ્યું કે વિકાસના આ સફળ મોડેલ પાછળ તેમની પ્રતિબદ્ધતા અને સતત મહેનત રહેલી છે. તેમણે દાનહ, દમણ અને દીવના તમામ નાગરિકોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### 5 વર્ષમાં 50 લાખ પ્રવાસીઓએ દમણની મુલાકાત કરી દેશમાં આગવી ઓળખ સ્થાપિત કરી છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં આશરે 50 લાખથી વધુ પ્રવાસીઓએ પર્યટન સ્થળ દમણની મુલાકાત લીધી છે, જે પ્રદેશમાં થયેલા ઝડપી વિકાસ અને આધુનિક સુવિધાઓનું પ્રતિબિંબ છે. તેમણે કહ્યું કે પર્યટન ક્ષેત્રે થયેલા નોંધપાત્ર વિકાસ, વિશ્વસ્તરીય સુવિધાઓ અને સતત પ્રગતિના કારણે કેન્દ્રશાસિત પ્રદેશે દેશના પર્યટન નકશા પર પોતાની આગવી અને વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે. વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિકાસ, સુશાસન અને જનભાગીદારીના સંકલ્પ સાથે દાનહ, દમણ અને દીવ આગામી વર્ષોમાં પણ પ્રગતિના નવા કીર્તિમાન સ્થાપિત કરશે અને દેશના શ્રેષ્ઠ પર્યટન ગંતવ્યોમાં વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરશે. આજના આ અવસરે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સંઘપ્રદેશ દાનહ, દમણ અને દીવમાં 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત એક લાખ વૃક્ષોનું વાવેતર કરવા બદલ વડાપ્રધાને ખુશી વ્યક્ત પણ કરી હતી. સાથે સંઘપ્રદેશની તમામ સરકારી ઇમારતો 100 ટકા સૌરઊર્જા પર નિર્ભર બની ચૂકી છે, જે સ્વચ્છ અને ટકાઉ ઊર્જા તરફનું મહત્વપૂર્ણ પગલું હોવાનું જણાવ્યું હતું.

સુરત પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધનની શરૂઆતમાં જ કહ્યું,

# ‘કેમ છો? આપણું હુરટ મજામાને?

**સ્થાનિક** ચૂંટણીઓ બાદ પ્રથમ વખત ગુજરાત આવ્યો છું ત્યારે સુરતથી ગુજરાતીઓને વંદન કરું છું

સુરત: દક્ષિણ ગુજરાત અને દમણમાં વિવિધ વિકાસના કામોના લોકાર્પણ અને શિલાન્યસ પ્રસંગે સુરત આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેમ છો બધા મજામાને? આપણું હુરટ મજામાને? તેમ કહીને સંબોધનની શરૂઆત કરી સુરતીઓના સ્પિરિટની સરાહના કરી હતી.

...અનુસંધાન પાના 9 પર

### બેરેજ પ્રોજેક્ટ અને વેસ્ટ વોટર થકી આવક પ્રોજેક્ટ મુદ્દે મોદીએ સુરત મનપાનાં વખાણ કર્યાં

સુરત: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરત મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ અને તાપી બેરેજ પ્રોજેક્ટની કામગીરીને બિરદાવતા તેના મુક્તકંઠે વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સુરતમાં વેસ્ટ વોટર (ગંદા પાણી) ને આધુનિક પદ્ધતિથી ટ્રીટ કરીને તેને ઉદ્યોગોને વેચાણ અર્થે પૂરું પાડવાનું જે મોડેલ વિકસાવવામાં

...અનુસંધાન પાના 9 પર



### હજીરા મેરિટાઈમ હબની સાથે આત્મનિર્ભર ભારતનું રોલ મોડેલ બની રહ્યું છે

સુરત: આજે હજીરા ખાતે એલએન્ડટી કંપનીમાં મુલાકાત લીધા બાદ મોદીએ જણાવ્યું હતું કે ,છેલ્લાં કેટલાંક વર્ષોમાં કોરોના મહામારી, વૈશ્વિક યુદ્ધો અને ઊર્જા પુરવઠાની અનિશ્ચિતતા જેવા પડકારો છતાં ભારત મજબૂતીથી આગળ વધી રહ્યું

...અનુસંધાન પાના 9 પર



### સુરતના યુવકે એમ વર્ષની મહેનત બાદ બનાવેલું પોઇટ્રેટ ચાલુ વક્તવ્યમાં વડાપ્રધાને સ્વીકાર્યુ


**સુરતના રાંદેર વિસ્તારમાં રહેતા અને ધો.12 કોમર્સમાં અભ્યાસ કરતા દેવ પટેલે પોતાની અદભૂત કળા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેના આદરના જોરે આખું સ્ટેજ ગજવ્યું છે. ઇનડોર સ્ટેડિયમમાં કાર્યક્રમ દરમિયાન**

...અનુસંધાન પાના 9 પર

### એક લાખ લોકોએ પાંચ દિવસ માટે સફાઇનું અભિયાન ચલાવ્યું એ મારા માટે મોટી સોગાત છે: મોદી

સુરત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શુશાસનના 12 વર્ષ ઉપલક્ષમાં સુરત મનપા અને શહેર ભાજપ દ્વારા સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સુરત મનપાના મેયર સહીતના પદાધિકારીઓ, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં શહેરીજનો આ અભિયાનમાં જોડાયા હતા. આજ કાર્યક્રમ દરમિયાન સુરતના સફાઇ અભિયાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજે જાતજાતના સ્મૃતિ ચિન્હો, ભેટ-સોગાદો આપીને મારૂ સન્માન કરવામાં આવ્યું છે. પણ આના કરતાં પણ અનમોલ ભેટ સુરતે મને આપી છે. આનાથી પણ અનેક મૂલ્યવાન સુરતનો

...અનુસંધાન પાના 9 પર



# મોંઢા પર રૂમાલ બાંધીને યુવાનને દંડા મારી ૮ લાખની લૂંટ

**ગોડાદરાના** રાજપૂત ફળિયામાં શુક્રવારે વહેલી સવારે લુંટારા ચપ્પુ લઇને આવ્યા હતા

**એક** લુંટારુ મોપેડ ચાલુ રાખીને જ ઊભો હતો, જેના પર બેસી ત્રણેય ફરાર

સુરત: ગોડાદરા વિસ્તારમાં એક દુકાનની બહાર બે બદમાશો દંડા લઈને તૂટી પડ્યા હતા અને ચપ્પુની અણીએ રોકડા રૂપિયા ૮ લાખ ભરેલી બેગ આંચકી લીધી હતી. તેમનો ત્રીજો સાગરિત મોપેડ ચાલુ રાખીને જ ઊભો હતો તેની પાછળ બેસીને ત્રણેય રફૂચક્કર થઇ ગયા હતાં.

આ ઘટનાની મળતી માહિતી મુજબ મૂળ રાજસ્થાનના જાલોર અને હાલ ગોડાદરાના રાજ પેલેસમાં રહેતા અશોકભાઈ મોટારામ માલી (ઉ.વ. ૩૮) ગોડાદરા સ્થિત રાજપૂત ફળિયામાં રામદેવ ટ્રેડર્સ નામે હોલસેલનો વેપાર કરે છે. તેઓ સાળા અશોકકુમાર અને સાઢુભાઈ રતનલાલ માળી સાથે ભાગીદારીમાં કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સ અને સાબુ-પેસ્ટ જેવી વસ્તુઓનો હોલસેલ વેપાર કરે છે. ગઈકાલે સવારે સવારે સાડા આઠ વાગ્યે તેમના સાઢુભાઈ રતનલાલે ધંધાના હિસાબના રોકડા રૂ. ૮,૦૦,૦૦૦ બેગમાં મૂકી કારીગર પવન ભરતકુમાર સરગરાને દુકાને મુકી આવવા માટે આપ્યા હતા. તે જ્યારે તેમની દુકાનનું શટર ખોલી રહ્યો હતો, ત્યારે જ અચાનક ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના બે અજાણ્યા બદમાશો ત્યાં ધસી આવ્યા હતા. શરીરે સફેદ શર્ટ અને જીન્સ પહેરેલા આ બંને લૂંટારુઓએ મોઢા પર રૂમાલ બાંધેલા હતા. તેઓએ પવનને ઘેરી લીધો અને ચપ્પુ બતાવી લાકડાના દંડા વડે શરીરે આડેધડ માર મારવાનું શરૂ કરી દીધું હતું. પવન કઈ સમજે તે પહેલાં જ તેના હાથમાંથી રૂ. ૮ લાખની રોકડ ભરેલી બેગ ઝૂંટવી લીધી હતી.ભોગ બનનાર કારીગરે બૂમાબૂમ કરી લૂંટારુઓનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રોડ પર અગાઉથી જ મોઢે રૂમાલ બાંધીને એક અજાણ્યો ઈસમ નંબર પ્લેટ વગરની એક્સેસ મોપેડ ચાલુ રાખીને ઉભો હતો. તેના પર ત્રણેય ફરાર થઈ ગયા હતા. ગોડાદરા પોલીસે આ મામલે ત્રણ અજાણ્યા લૂંટારુઓ વિરૂદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવસારીના વિદ્યાર્થીનું ચાલુ ટ્રેનમાંથી પટકાતા મોત

**લુન્સીકુઇના** પંચાલ પરિવારનો એકનો એક પુત્ર લોર્ડ્સ પ્લાઝામાં હોટેલ મેનેજમેન્ટનો કોર્સ કરતો હતો



સુરતઃ સહારા દરવાજા રેલવે ટ્રેક પર ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાયેલા નવસારીના યુવકનું મોત નિપજ્યું હતું. દિલ્હીગેટની લોર્ડ્સ પ્લાઝા હોટેલમાં મેનેજમેન્ટનો કોર્સ શીખીને ઘરે જતી વખતે અકસ્માત સર્જાયો હતો.

મળેલી માહિતી મુજબ, નવસારી લુન્સીકુઈ ખાતે આવેલ ગોકુલ એપાર્ટમેન્ટમાં દીપકભાઈ પંચાલ બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તે એન્જિનિયરિંગનો વર્કશોપ ધરાવે છે. તેમનો એકનો એક 19 વર્ષીય પુત્ર રૂદ્ર દિલ્હી ગેટ પાસે આવેલ લોર્ડ્સ પ્લાઝા હોટેલમાં, હોટલ મેનેજમેન્ટનો કોર્સ શીખતો હતો. ગુરુવારે તે રાબેતા મુજબ હોટલ પરથી સાંજે નવસારી ઘરે જવા માટે નીકળ્યો હતો. તે સુરત રેલવે સ્ટેશનથી મેમુ ટ્રેનમાં ચડ્યો હતો. દરમિયાન સહારા દરવાજા રેલવે ટ્રેક પર રહસ્યમય સંજોગામાં ચાલુ ટ્રેનમાંથી રૂદ્ર નીચે પડી ગયો હતો. ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બનાવને પગલે સુરત રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પરિવારના એકના એક પુત્રના અકાળ મોતથી શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# આહવાની સબજેલના મુખ્ય દરવાજાને તાળું જ નથી મરાતું

**જેલ** ગાર્ડને ધક્કો મારી હત્યા અને પોક્સોના આરોપી ફરાર

**જેલના** બે બેરેક ગાર્ડ અને મુખ્ય દરવાજા પર તૈનાત બે જેલગાર્ડ વિરુદ્ધ ગુનો નોંધાયો





સાપુતારા : ડાંગની આહવા ખાતે આવેલી સબ જેલમાંથી પોક્સો (POCSO) અને હત્યા જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓ જેલ પ્રશાસનની ઘોર બેદરકારીનો લાભ ઉઠાવી ફરાર થઈ જતાં સમગ્ર પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ઘટનાને પગલે જેલની સુરક્ષા વ્યવસ્થા અને ગાર્ડની સતર્કતા સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.મળતી માહિતી મુજબ, ગુરુવારની રાત્રે પોસ્કો કેસના આરોપી ગિરીશ બાગુલેએ અચાનક પેટમાં અસહ્ય દુઃખાવો થવાનું નાટક કર્યું હતુ અને બહાનું કાઢી જેલના ગાર્ડ પાસે બેરેકનું તાળું ખોલાવ્યુ હતું. આ તકનો ગેરલાભ ઉઠાવી ગિરીશ બાગુલની સાથે હત્યાના ગુનામાં સંડોવાયેલો અન્ય આરોપી વિજય ધૂમ પણ બેરેકમાંથી બહાર નીકળી આવ્યો હતો. આશ્ચર્યજનક અને ક્ષતિભરી બાબત એ સામે આવી છે કે જેલના મુખ્ય પ્રવેશદ્વાર પર પણ તે સમયે કોઈ તાળું મારેલુ ન હતું. અને દરવાજો માત્ર આડો કરેલો હતો. આ સુરક્ષા ખામીનો ફાયદો ઉઠાવીને બંને ગંભીર ગુનાના આરોપીઓએ ફરજ પર તૈનાત જેલગાર્ડને જોરદાર ધક્કો માર્યો હતો અને અંધારામાં નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. ફરાર થયેલા આરોપીઓ પૈકી ગિરીશ

...અનુસંધાન પાના 9 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



બારમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

મારા દરેક સવાલનો જવાબ છે મારા પપ્પા,
મારી દરેક સમસ્યાનું સમાધાન છે મારા પપ્પા,
મુશ્કેલીમાં મારી તાકાત છે મારા પપ્પા,
દરેક ખરાબ સમયમાં સારો સમય છે મારા પપ્પા,
કયારેક ઝાડની છાયા તો , કયારેક મજબૂત પહાડ છે મારા પપ્પા,
મારી કામયાબીની દરેક ઉડાન છે મારા પપ્પા,
છુપાવી દે છે પોતાના દરેક આંસુને, પરિવારની ખુશી છે મારા પપ્પા,
મારી દરેક નાની-મોટી ખુશીના હકદાર છે મારા પપ્પા,
આમ તો પુરી દુનિયા બનાવી છે એ ભગવાને,
પણ એનું સૌથી સુંદર વરદાન છે મારા પપ્પા,
પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. નટવરભાઇ નાનુભાઇ પટેલ
સ્વ. તા. ૦૬/૦૬/૨૦૧૪

લિ. નેહલભાઈ નટવરભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

નિવાસસ્થાન : નિક્કી હાઉસ, સરસ્વતી વિદ્યામંદિરની પાછળ, મગદલ્લા, સુરત.



સંયુક્ત શ્રદ્ધાંજલિ

હે પ્રભુ અમારે હતી જરૂર, તેની તમારે શી જરૂર પડી, તમારા ખજાનામાં એવીતે શી ખોટ પડી કે અમારા ખજાનેથી રત્ન લઈ ગયા, અંજલી આપતા હૈયુ તુટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

-: શ્રધ્ધાંજલિ કાર્યક્રમ :-
સ્થળ: ગાયત્રી શક્તિપીઠ, મોટી બહુચરાજી, ડભોલી રોડ, સુરત
સમય: સવારે ૮:00 થી 0૯:00
તારીખ: 0૭-0૬-૨૦૨૬ (રવિવાર)

સ્વ. મોહનભાઈ ભાણાભાઈ પટેલ
(પ્રમુખશ્રી, ગાયત્રી શક્તિપીઠ/ પ્રજ્ઞા શાળા, ડભોલી રોડ, સુરત)
(ઉ.વર્ષ: ૮૯) ગામ: સિંગણપોર
સ્વ. તા. ૨૪-૦૫-૨૦૨૬, રવિવાર, અધિક જેઠ સુદ નોમ

લિ.
ગાયત્રી મંદિર પરિવાર
પ્રજ્ઞા શાળા પરિવાર

સુરતી મોઢ વણિક દુઃખદ અવસાન



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી ગમનલાલ કાલીદાસ ઢબુવાલાનું અધિક જેઠ વદ પાંચમ, તા. ૦૫.૦૬.૨૦૨૬ શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયું છે.

:: સ્મશાન યાત્રા ::
શનિવાર તા. ૦૬.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી કુરુક્ષેત્ર સ્મશાન ઘાટ જશે.

પ્રાર્થનાસભા
તા. ૦૬.૦૬.૨૦૨૬ શનિવારના રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન શ્રી સુરતી મોઢ વણિકની વાડી, પાલ, સુરત મુકામે રાખેલ છે.

શાલ અને ચાદર પ્રથા રાખેલ નથી

સ્વ. ગમનલાલ કાલીદાસ ઢબુવાલા
સ્વ. તા. ૦૫.૦૬.૨૦૨૬

લિ.
સ્વ. મધુબેન ગમનલાલ ઢબુવાલા (પત્ની)

| | |
|---|---|
| વિજયકુમાર ગમનલાલ ગાંધી (પુત્ર) | સોનલબેન વિજયકુમાર ગાંધી (પુત્રવધુ) |
| મનીષકુમાર ગમનલાલ ગાંધી (પુત્ર) | જોલીબેન મનીષકુમાર ગાંધી (પુત્રવધુ) |
| હરીશભાઈ ચંપકલાલ ગોળવાલા (જમાઈ) | કામિનીબેન હરીશભાઈ ગોળવાલા (પુત્રી) |
| તનીષ વિજયકુમાર ગાંધી (પૌત્ર) | સાક્ષી તનીષ ગાંધી (પૌત્રવધુ) |
| ખુશાલી અંકિત પાઘડાર (પૌત્રી) | ફેની કરણ મોદી (પૌત્રી) |

નિવાસસ્થાન : એ-૩૦૪, કલ્યાણ રેસીડન્સી, જલારામ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં, ગૌરવપથ રોડ, અડાજણ, પાલનપોર, સુરત

અનાવિલ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન અ.સૌ. દિપ્તીબેન કિરીટભાઇ નાયકનું તારીખ ૦૧/૦૬/૨૦૨૬ સોમવારના રોજ સુરત મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના.

સદ્‌ગતનું સંયુક્ત બેસણું
તારીખ ૭/૬/૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કોન્ફરન્સ હોલ, SVPB ગેસ્ટ હાઉસ, SVNIT સામે, પીપલોદ, સુરત મુકામે રાખેલ છે.

અ.સૌ. દિપ્તીબેન કિરીટભાઇ નાયક
સ્વ. તા. ૦૧-૦૬-૨૦૨૬

લૌકિક રિવાજ બંધ છે.

લિ.
ડૉ. કિરીટભાઇ ગુલાબભાઇ નાયક (આભાલેબ સુરત)

| | |
|---|---|
| ડૉ. પ્રશાંત કિરીટભાઇ નાયક (પુત્ર) | ડૉ. દિવ્યા પ્રશાંત નાયક (પુત્રવધુ) |
| શ્રીમતી આભા જનક પટેલ (પુત્રી) | શ્રી જનક જીવણભાઇ પટેલ (જમાઇ) |
| ડૉ. હેતાંશી વિરાજ દેસાઇ (પૌત્રી) | ડૉ. વિરાજ રશેષભાઇ દેસાઇ (પૌત્રજમાઇ) |
| સ્વ.સુરેશભાઇ ગુલાબભાઇ નાયક | સ્વ.અ.સૌ.હંસાબેન સુરેશભાઇ નાયક |
| શ્રી રવિ સુરેશભાઇ નાયક | શ્રીમતી મનાલી રવિ નાયક |
| શ્રીમતી દિપાલી ગૌરાંગ દેસાઇ | શ્રી ગૌરાંગ ભુપેન્દ્રરાય દેસાઇ |
| શ્રી મહેશભાઇ ગજુભાઇ નાયક | શ્રી સતિષભાઇ ગજુભાઇ નાયક |
| શ્રી તરલ કિર્તેશભાઇ નાયક | ડૉ.હેતવી,વત્સલ, માહી, ભાર્ગી |

પિયર પક્ષ
શ્રી ચીનુભાઇ લાલભાઇ શાહ પરિવાર-અમદાવાદ

નિવાસ સ્થાન
૨૫, રઘુવીર બંગલોઝ, મેઘના પાર્કની નજીક, અશોક પાન હાઉસની સામેની ગલી, સિટીલાઇટ, સુરત-૩૯૫૦૦૭.